1. ચાર વેદોનાં નામ જણાવો.

➢ ચાર વૈદોનાં નામ આ પ્રમાણે છે : (1) ઋગ્વદ, (2) સામવેદ, (3) યજુર્વેદ અને (4) અથર્વવેદ.

2. લોખંડની શોધ વિશે જણાવી તેનું મહત્વ સમજાવો.

➢ અનુર્વૈદિક સમાજમાં ચાર વર્ણની વ્યવસ્થા જોવા મળે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય સામાજિક રીતે વિશિષ્ટ અધિકારો ધરાવતા હતા. જયારે વેશ્ય અને શુદ્ર ઉત્પાદનકાર્ય સાથે સંકળાયેલા હતા. આધુનિક ઈતિહાસકારો આ વર્ણવ્યવસ્થાની ઘટનાને ઈ. સ. પૂર્વે 1000ની આસપાસ ભારતમાં લોખંડની શોધથી ઉત્પન્ન થયેલ અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા સાથે જોડે છે.

લોખંડની શોધના કારણે કૃષિનો અમાપ વિકાસ થતાં હસ્ત અને કલાકારીગરીનો પણ વિકાસ થયો. ઉત્તર ભારતમાં કાળા ચળકતાં વાસણોની સંસ્કૃતિ અમલમાં આવી. ઉત્તર ભારતનાં અનેક સ્થળોએથી આવા વાસણો મળી આવ્યા છે. લોખંડના પુરાવા સાથે આ વાસણોની સંસ્કૃતિ અમલમાં આવતા અનેક નવાં શહેરી વિકાસ પામ્યો જેના પરિણામે ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદી આવતાં સુધીમાં તો ભારતમાં બીજું શહેરીકરણ અસ્તિત્વમાં આવ્યું.

3. અનુવૈદિક રાજકીય વ્યવસ્થા સ્પષ્ટ કરો.

➢ અનુર્વૈદિક કાળમાં લોખંડની શોધ થવાના કારણે કૃષિનું મહત્ત્વ વધ્યું. જેના કારણે જમીનનું મહત્ત્વ વધ્યું. આર્યો ધીમે ધીમે પશ્ચિમથી પૂર્વ તરફ ખસવા લાગ્યા, રામાયણ કાળમાં તેઓ દક્ષિણ તરફ ખસ્યા હોય તેમ જણાય છે. સભા અને સમિતિનું મહત્ત્વ ઘટવા લાગ્યું. રાજાની ચૂંટણી બંધ થઈ અને રાજાનું પદ વંશપરંપરાગત થવા લાગ્યું. અથર્વવેદમાં આર્ય અને અનાર્ય સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે. શરૂઆતમાં અનાર્યો સાથે આર્યોને સંઘર્ષ થયા.

સમય જતાં આર્યોની વિધિઓ અનાયોએ અપનાવી અને અનાર્યોના અનેક સાંસ્કૃતિક મુલ્યોનો આર્યોએ સ્વીકાર કર્યો. અથર્વવેદમાં અંધવિશ્વાસ, જાદુ, વૈદકશાસ્ત્ર, દવાઓ વગેરેનો ઉલ્લેખ દર્શાવે છે કે તેનાએ અનાર્યોના રીતરિવાજો કેટલેક અંશે સ્વીકાર્યા હતા. પડોશી રાજાઓનો પરાજય કરીને કેટલાક રાજાઓ 'ચક્રવતી પદ' મેળવવાં લાગ્યા હતા. રાજ્યનો વિસ્તાર વધતો વહીવટની સરળતા માટે તેના વિભાગો પાડી તેના પર અધિકારીઓની નિમણુંક કરવામાં આવતી હતી. 100 ગ્રામોના વિભાગ પર 'શતપતિ'ની નિમણૂક થતી. તેના પછી 20 અને 10 ગામોના અધિકારીઓ આવતા. રાજ્યનું નાનું એકમ ગ્રામ' હતું. તેનો વહીવટ 'ગ્રામણી' કરતો હતો. અનાર્યોના પ્રદેશમાં સ્થપતિ' નામના અધિકારીની નિમણુક થતી. ગ્રામમાં ન્યાયનો વહીવટ ગ્રામસમિતિ કરતી. તેના અધિકારીને 'ગ્રામ્યવાદી' કહેતા. 'સભા' ન્યાયની એક અદાલત તરીકેની ફરજ બજાવતી હતી.

4. અનુવૈદિક ભારતમાં મહિલાઓના સ્થાન વિશે ચર્ચા કરો.

➢ અનુવેદિક કાળમાં સામાજિક રીતે કુળનું મહત્ત્વ વધ્યું હતું. સમાજમાં પુરુષનું મહત્ત્વ વધ્યું હતું, પુત્રપ્રાપ્તિ માટે અનેક પ્રાર્થનાઓ કરવામાં આવતી હતી. વેદકાલીન સમાજની સરખામણીમાં અનુવેદકાલીન સમાજમાં મહિલાઓનું સ્થાન થોડું નીચે ઉતરવા માંડ્યું હતું. એકપત્નીત્વ પ્રથાનો આદર્શ અમલમાં મટતો, પરંતુ બહુપત્નીત્વ પ્રથા અમલમાં આવવા લાગી હતી. યજ્ઞ માં પત્નીની હાજરી અનિવાર્ય ગણાતી નહિં. મહિલાઓ ગીત, સંગીત, જ્ઞાન, વિજ્ઞાન તેમજ વિવિધ શાસ્ત્રોની જાણકારી મેળવી શકતી હતી. આ સમયમાં ગાર્ગી, મૈત્રેયી, રોમશા,

સાવિત્રી તેમજ ગંધર્વગૃહિતા જેવી વિદુષીઓ હતી. સુતરાઉ, ઊનનાં તથા રેશમનાં રંગબેરંગી વસ્ત્રોનું પ્રચલન વધ્યું હતું.

5. અનુવૈદિક ભારતની અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપો.

- અનુવૈદિક ભારતમાં જમીનનું મહત્ત્વ વધ્યું હતું. લોખંડની શોધના કારણે કૃષિનું મહત્ત્વ પણ વધ્યું હતું અને કૃષિ ક્ષેત્રે સારી પ્રગતિ થઈ હતી.

  પાકના ઉત્પાદનમાં કઠોળનો પાક ઉમેરાયો હતો. કૃષિ માટે નવાં મોજારો શોધાયાં હતાં. શતપથ બ્રાહ્મણ' નામના ગ્રંથમાં 6થી 24 જેટલા બળદ દ્વારા ખેંચાતા હળનો ઉલ્લેખ છે. પશુપાલનને મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકારવામાં આવ્યો હતો. પશુઓ સમૃદ્ધિ, વૈભવ અને ઐશ્વર્યનાં પ્રતીક ગણાતાં હતાં. ગાયોનો દાન દ્વારા વિદ્વાનોનું સન્માન કરવામાં આવતું હતું . અનુવૈદિક સમયમાં વેપારનો વિકાસ થયો હતો. કાશી, કૌશામ્બી, વિદેહ વેપારનાં પ્રસિદ્ધ કેન્દ્રો હતાં. ચલણમાં 'નિષ્ઠ' ઉપરાંત 'શતમાન', 'કાપણ'' અને ''પણ'' જેવા સિક્કાઓનો ઉમેરો થયો હતો. હુન્નર ઉધોગોમાં નૃત્ય, સંગીત, સોનીકામ, માછીમારી જેવા વ્યવસાયો ઉમેરાયા હતા. અવારનવાર વપરાતા 'શ્રેષ્ઠિન' શબ્દ પરથી આ સમયમાં ધનિકોની સંખ્યા વધુ હશે તેમ લાગે છે.